TATA SHAKTEE GC SHEET · JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ ત્રીજ શુક્રવાર ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૦૧

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# AIના લોકશાહીકરણ માટે મોદીની હિમાયત



**AI ને** ગુપ્ત અને બંધ રીતે વિકસાવવાના કેટલાક દેશોના અભિગમથી વિપરીત તેને ખુલ્લી રીતે વિકસાવવાની મોદીએ વાત કરી

**એઆઇ** સમિટમાં બોલતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત AIમાં ભવિષ્યની બ્લુપ્રિન્ટ જુએ છે

**નવી દિલ્હી, 19 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના લોકશાહીકરણની જોરદાર હિમાયત કરી હતી અને કહ્યું હતું કે કેટલાક દેશો માને છે કે AIને ગુપ્ત અને બંધ રીતે વિકસાવવું જોઈએ, પરંતુ ભારત માને છે કે જ્યારે AI વહેંચવામાં આવશે અને તેના કોડ્સ ખુલ્લા હશે, ત્યારે જ તે ખરેખર વિશ્વના ભલા માટે કામ કરી શકશે. અહીં 'ઇન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ'નું ઉદ્ઘાટન કરતા મોદીએ માનવ-કેન્દ્રીત અભિગમ અને સાર્વભૌમત્વ તથા સર્વસમાવેશકતા પર ભાર મૂકતા AI ના ઉપયોગ માટે 'MANAV' વિઝનનું અનાવરણ કર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશ AI થી ડરતો નથી પરંતુ તેમાં એક ભાગ્ય અને આવતીકાલની બ્લુપ્રિન્ટ જુએ છે. તેમણે કહ્યું, કેટલાક દેશો માને છે કે AI ને ગુપ્ત અને બંધ રીતે વિકસાવવી જોઈએ. પરંતુ ભારત અલગ છે. અમે માનીએ છીએ કે AI ત્યારે જ વિશ્વનું સાચું ભલું કરશે જ્યારે તે વહેંચવામાં આવશે અને તેના કોડ્સ ખુલ્લા હશે. ત્યારે જ લાખો યુવા દિમાગો તેને વધુ સારી રીતે સુધારી શકશે.

બાળ સુરક્ષાના મહત્વ પર ભાર મૂકતા વડાપ્રધાને કહ્યું કે જેમ શાળાના અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવે છે, તેમ AI સ્પેસ પણ બાળકો માટે સુરક્ષિત અને પરિવાર દ્વારા માર્ગદર્શિત હોવી જોઈએ. તેમણે કહ્યું કે દુનિયામાં બે પ્રકારના લોકો છે - એક જેઓ AI માં ડર જુએ છે અને બીજા જેઓ તેમાં તક જુએ છે. તેમણે

...અનુસંધાન પાના 13 પર

## AI સમિટમાં મોદીએ વૈશ્વિક CEO સાથે બેઠક યોજી

**નવી દિલ્હી.** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ને જવાબદાર રીતે વિસ્તારવા અને વૈશ્વિક સહયોગને મજબૂત કરવા અંગે વૈશ્વિક CEOs સાથે ગહન ચર્ચા કરી હતી. 'ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ' ખાતે યોજાયેલી 'CEO રાઉન્ડ ટેબલ' બેઠકમાં AI,

...અનુસંધાન પાના 13 પર

## મોદીના પ્રવચનનું AI વડે સાંકેતિક ભાષામાં તરત રૂપાંતર કરીને સ્ક્રીન પર દર્શાવાયું

**નવી દિલ્હી.** આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે ભારતની પ્રગતિનું પ્રદર્શન ગુરુવારે અહીં યોજાયેલા 'AI ઇમ્પેક્ટ સમિટ' દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનમાં જોવા મળ્યું હતું. આ ભાષણનું 11 ભાષાઓમાં લાઈવ ડબિંગ કરવાની સાથે સાથે AI-સક્ષમ સાઇન લેંગ્વેજ (સંકેત ભાષા)માં પણ રૂપાંતર કરવામાં આવ્યું હતું. ભારત મંડપમ ખાતેના ઓડિટોરિયમમાં વડાપ્રધાનની પાછળ એક મોટા સ્ક્રીન પર AI-સક્ષમ સાઇન લેંગ્વેજ રૂપાંતર પ્રદર્શિત કરવામાં આવ્યું હતું, જેથી દરેક વ્યક્તિ માટે આ ભાષણ સુલભ બની રહે. 'ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026' ને સંબોધિત કરતા મોદીએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના યુગમાં સુલભતા

...અનુસંધાન પાના 13 પર

## મોદીની હાજરીમાં AIના આકાઓ વચ્ચે 'પેરિંગ એરર'!



■ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલી 'ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026' વૈશ્વિક એકતા અને ટેકનોલોજીના સમન્વયનું સાક્ષી બની છે. આ ઐતિહાસિક અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વના ટોચના રાજકીય નેતાઓ અને ટેકનોલોજી જગતના માંધાતાઓ સાથે પરંપરાગત 'ગ્રૂપ ફોટો' પડાવ્યો હતો. આ ગ્રુપ ફોટોમાં પીએમ મોદીની સાથે ગૂગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈ, OpenAIના સીઈઓ સેમ ઓલ્ટમેન, એન્થ્રોપિકના સીઈઓ ડારિયો એમોડેઇ અને મેટાના ચીફ AI ઓફિસર એલેક્ઝાન્ડર વાંગ જેવા દિગ્ગજો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ હાથમાં હાથ પરોવી મુઠ્ઠી ઊંચી કરી હતી. જો કે, આ ફોટો-સેશન દરમિયાન ઓલ્ટમેન અને એમોડેઇ વચ્ચે હાથ મિલાવવા બાબતે સર્જાયેલી ગૂંચવણચર્ચાનું કેન્દ્ર બની હતી.

### ઓલ્ટમેન અને એમોડેઇ વચ્ચેની વણલખી દુશ્મની છતી થઈ!

## સ્ટેજ પર ચેટ GPTના સેમ ઓલ્ટમેને એન્થ્રોપિકના એમોડેઈનો 'હાથ ન ઝાલ્યો'

**મોદીએ** હાથ ઊંચા કરાવ્યા, પણ આ બંને દિગ્ગજોને એકબીજાનો 'ટચ' વાઈરસ જેવો લાગ્યો

**હું ખરેખર** મૂંઝવણમાં હતો કે મારે શું કરવાનું છે, એટલે મેં બસ મુઠ્ઠી ઊંચી કરી દીધી: ઓલ્ટમેનનો ખુલાસો!

**સ્ટેજ** પર હાથ પકડવાની વાત આવી ત્યારે માનવ બુદ્ધિ કેમ બહેર મારી ગઈ?

**નવી દિલ્હી, તા. 19 :** નવી દિલ્હીમાં યોજાયેલી 'ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026'માં એક એવી ઘટના બની જેણે ટેક જગતમાં ચર્ચા જગાવી છે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્ટેજ પર ગૂગલના સુંદર પિચાઈ અને અન્ય દિગ્ગજો સાથે એકતા દર્શાવવા માટે એકબીજાના હાથ પકડીને હવામાં ઊંચા કરી રહ્યા હતા, ત્યારે બે ચહેરાઓ અલગ તરી આવ્યા: OpenAIના સેમ ઓલ્ટમેન અને Anthropicના ડારિયો એમોડેઇ.

**સ્ટેજ પર શું થયું?**

ફોટો-ઓપ દરમિયાન વડાપ્રધાન મોદી મધ્યમાં હતા, તેમની જમણી બાજુએ સુંદર પિચાઈ અને ડાબી બાજુએ સેમ ઓલ્ટમેન હતા. ઓલ્ટમેનની બિલકુલ બાજુમાં તેમના



મોદી મધ્યમાં હતા, તેમની ડાબી બાજુએ સેમ ઓલ્ટમેન હતા. ઓલ્ટમેનની બિલકુલ બાજુમાં તેમના હરીફ ડારિયો એમોડેઇ

હરીફ ડારિયો એમોડેઇ ઉભા હતા.

**મૂંઝવણ કે મનદુ:ખ?**

જ્યારે બાકીના તમામ નેતાઓએ એકબીજાના હાથ મજબૂતીથી પકડીને 'ટીમ વર્ક'નો સંદેશ આપ્યો, ત્યારે ઓલ્ટમેન અને એમોડેઇ થોડી ક્ષણો માટે મૂંઝવણમાં

...અનુસંધાન પાના 13 પર

## AIને સર્વસુલભ બનાવવા રૂ. ૧૦ લાખ કરોડના રોકાણની મુકેશ અંબાણીની જાહેરાત

**રિલાયન્સ** જીઓ કંપનીએ જે રીતે દેશમાં ઇન્ટરનેટ ડેટા સસ્તો અને સુલભ બનાવ્યો તેવું જ AIના ક્ષેત્રમાં કરવાની દેશના ટોચના ઉદ્યોગપતિની એઆઇ સમિટમાં પ્રતિજ્ઞા

**નવી દિલ્હી, 19 (PTI):** અબજોપતિ મુકેશ અંબાણીએ ગુરુવારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI)માં આગામી સાત વર્ષમાં 10 લાખ કરોડના રોકાણની જાહેરાત કરી છે. તેમણે જે રીતે પોતાના જૂથ દ્વારા ભારતમાં મોબાઈલ અને ઇન્ટરનેટ ડેટાને સસ્તો અને સુલભ બનાવ્યો હતો, તેવું જ પરિણામ AI ક્ષેત્રે લાવવાની પ્રતિજ્ઞા લીધી છે.

'ઈન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ'માં બોલતા અંબાણીએ જણાવ્યું હતું કે, આ પહેલ દરેક નાગરિક, વ્યવસાય અને સરકારી સેવાને AI સાથે જોડશે, જે જિયોની ડિજિટલ ક્રાંતિના પરિવર્તનકારી સ્કેલની યાદ અપાવે છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અંબાણીએ કહ્યું, જિયોએ ભારતને ઇન્ટરનેટ યુગ સાથે જોડ્યું. હવે જિયો ભારતને ઇન્ટેલિજન્સ યુગ સાથે જોડશે... ભારતને ઇન્ટેલિજન્સ (બુદ્ધિમતા) ભાડે લેવાનું પરવડી શકે તેમ નથી. તેથી, અમે ઇન્ટેલિજન્સનો ખર્ચ એટલો જ નાટ્યાત્મક રીતે ઘટાડીશું જેટલો અમે ડેટાના કિસ્સામાં ઘટાડ્યો હતો એમ તેમણે કહ્યું હતું. સાત વર્ષમાં કુલ 10 લાખ કરોડનું આ રોકાણ ત્રણ સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કરશે - જામનગરમાં ગીગાવોટ-સ્કેલ AI-રેડી ડેટા સેન્ટર્સ, જે 10 ગીગાવોટ સુધીના ગ્રીન પાવર સરપ્લસનો ઉપયોગ કરશે, અને ટેલિકોમ તથા ડિજિટલ ઓપરેટર જિયોના નેટવર્ક સાથે સંકલિત દેશવ્યાપી 'એજ-કમ્પ્યુટ લેયર', જે સમગ્ર ભારતમાં અત્યંત ઝડપી AI સેવાઓ પહોંચાડશે.

તેમણે કહ્યું, જિયો, રિલાયન્સ સાથે મળીને આગામી સાત વર્ષમાં 10 લાખ કરોડનું રોકાણ કરશે. આ કોઈ સટ્ટાકીય રોકાણ નથી. તે માત્ર વેલ્યુએશન મેળવવા માટે નથી. આ ધીરજવાન,

...અનુસંધાન પાના 13 પર

### રિલાયન્સ જીઓએ AI એપ્લિકેશન્સ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે

સમૂહે સમાવેશી વિકાસ માટે AI એપ્લિકેશન્સ તૈનાત કરવાનું શરૂ કરી દીધું છે, જેમાં 22 ભાષાઓમાં શિક્ષણ માટે 'જિયોશિક્ષક' (JioShikshak), તબીબી માર્ગદર્શન માટે 'જિયોઆરોગ્યએઆઈ' (JioArogyAI), 14 કરોડ ખેડૂતોને મદદ કરવા 'જિયોકૃષિ' (JioKrishi), અને શિક્ષણ તથા સરકારી સેવાઓ માટે વોઇસ-ફર્સ્ટ AI આસિસ્ટન્ટ 'જિયોભારતઆઈક્યુ' (JioBharatIQ) નો સમાવેશ થાય છે. જિયો ઇન્ટેલિજન્સ ભારતનું સાર્વભૌમ કમ્પ્યુટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવશે, જેમાં ગીગાવોટ-સ્કેલ ડેટા સેન્ટર્સ, 10 GW સુધીનો ગ્રીન પાવર અને જિયો નેટવર્ક સાથે સંકલિત એજ-કમ્પ્યુટ લેયરનો સમાવેશ થાય છે. આનાથી કિરાણા સ્ટોરથી લઈને ક્લિનિક્સ સુધી, અને ક્લાસરૂમથી લઈને ખેતરો સુધી દરેક માટે ઇન્ટેલિજન્સ પ્રતિભાવશીલ, ઝડપી અને સસ્તું બનશે.

## UN વડા તથા વિશ્વના અનેક દેશોના વડાઓની સમિટમાં હાજરી

યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વા, સ્વિસ રાષ્ટ્રપતિ ગાય પરમેલિન અને વિશ્વભરની અગ્રણી ટેકનોલોજી કંપનીઓના CEO આ સમિટમાં હાજર હતા. મોદીના ભાષણ દરમિયાન ભારતની AI ક્ષેત્રની પ્રગતિ પ્રદર્શિત કરવામાં આવી હતી, જેનું 11 ભાષાઓમાં લાઈવ ડબિંગ અને AI-સક્ષમ સંકેત ભાષામાં અર્થઘટન કરવામાં આવ્યું હતું. શ્રીલંકાના રાષ્ટ્રપતિ, ભૂતાનના વડાપ્રધાન અને અન્ય ઘણા દેશોના ટોચના નેતાઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ભારત મંડપમ ખાતે 16-20 ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલી આ સમિટમાં 500 થી વધુ વૈશ્વિક AI નેતાઓ અને નિષ્ણાતો ભાગ લઈ રહ્યા છે.

## બિલ ગેટ્સે ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટમાં પ્રવચન ન કર્યું

**નવી દિલ્હી.** માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સે ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટમાં અગાઉથી નિર્ધારિત તેમનું મહત્વનું પ્રવચન આપ્યું નથી, તેમ તેમના ફાઉન્ડેશને ગુરુવારે જણાવ્યું હતું. જો કે ફાઉન્ડેશને કોઈ કારણ આપ્યું નથી, પરંતુ આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે દિવંગત યૌન અપરાધી જેફ્રી એપ્સટાઈન સાથે સંબંધિત દસ્તાવેજોમાં ગેટ્સનું નામ સામે આવ્યા બાદ આયોજકોએ તેમને મંચ આપવા અંગે અગવડતા વ્યક્ત કરી હતી. સરકારી સૂત્રોએ 17 ફેબ્રુઆરીએ જણાવ્યું હતું કે, એપ્સટાઈન પ્રકરણ બહાર આવ્યાના ઘણા સમય પહેલા ગેટ્સને આપવામાં આવેલું આમંત્રણ પાછું ખેંચી લેવામાં આવ્યું છે અને તેઓ 16 ફેબ્રુઆરીથી શરૂ થયેલી પાંચ દિવસીય કોન્ફરન્સમાં ભાગ લેશે નહીં. તે દિવસે, ગેટ્સ

...અનુસંધાન પાના 13 પર

## માઇક્રોસોફ્ટના સૌથી મોટા AI રોકાણ સ્થળોમાં ભારતનો સમાવેશ

**નવી દિલ્હી.** માઈક્રોસોફ્ટ માટે ભારત સૌથી મોટા રોકાણ સ્થળો પૈકીનું એક છે. કંપનીએ આ દાયકાના અંત સુધીમાં ગ્લોબલ સાઉથ (વિકાસશીલ દેશો)માં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના વિસ્તરણ માટે 50 અબજ યુએસ ડોલરના રોકાણની યોજના જાહેર કરી છે, તેમ માઈક્રોસોફ્ટના વાઈસ-ચેરમેન અને પ્રેસિડેન્ટ બ્રેડ સ્મિથે ગુરુવારે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ગ્લોબલ સાઉથમાં AI ના ઉપયોગ માટેની માંગ ઉભી કરવા માટે ખાનગી મૂડી, ટેક કંપનીઓના રોકાણ અને સરકારી ભંડોળનો ઉપયોગ

...અનુસંધાન પાના 13 પર

## દિલ્હી ડાયરી



### સાંપ્રદાયિક સૌહાર્દ માટે એક સાંસદની અનોખી પહેલ

સીપીઆઈ(એમ)ના રાજ્યસભા સાંસદ જોન બ્રિટાસે સંસદના ચાલુ બજેટ સત્ર દરમિયાન સમય કાઢીને ઉત્તરાખંડના કોટદ્વાર શહેરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત એવા સમયે થઈ જ્યારે તાજેતરમાં દીપક કુમાર નામની વ્યક્તિએ ૭૦ વર્ષીય મુસ્લિમ ગારમેન્ટ શોપ માલિક

...અનુસંધાન પાના 13 પર

તા. ૨૦-૦૨-૨૦૨૬નું સુરત શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૨° સે. | ૧૭.૬° સે. | ૫૪% |

### વોટ માટે તિજોરી ખાલી કરવાનું બંધ કરો! સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષોને બતાવ્યો અરીસો

## મફતની 'રેવડી' પર સુપ્રીમની લાલ આંખ

**લોકોને** રોજગારી પુરી પાડવા રાજ્યોને કહ્યું, સરકાર લોકોને મફતમાં કે મફતના ભાવે સેવાઓ, વસ્તુઓ આપે તેનાથી છેવટે દેશને ભારે આર્થિક નુકસાન થાય છે

**નવી દિલ્હી, તા. 19 (PTI):** સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચૂંટણી પહેલાની 'રેવડી' (મફત ભેટો) અને સબસિડીની સંસ્કૃતિની આકરી ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે દેશના આર્થિક વિકાસમાં અવરોધરૂપ બનતી આવી નીતિઓ પર પુનઃવિચાર કરવાનો હવે યોગ્ય સમય આવી ગયો છે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતના વડપણ હેઠળની બેન્ચે અવલોકન કર્યું હતું કે આવા લોકપ્રિય પગલાંનો અંતિમ નાણાકીય બોજ સીધો કરદાતાઓના ખભા પર પડે છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે, પરંતુ આ નાણાં જે રાજ્ય અત્યારે ચૂકવવાનું કહે છે, તે કોણ ચૂકવશે? આ કરદાતાઓના પૈસા છે. તામિલનાડુ પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન આ ટિપ્પણીઓ કરવામાં આવી હતી, જેમાં ગ્રાહકોની ચૂકવણી કરવાની ક્ષમતાને ધ્યાનમાં લીધા વિના તમામને મફત વીજળી આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

CJI એ પૂછ્યું હતું કે, જ્યારે કેટલાક લોકો પરવડી શકે તેમ ન હોય ત્યારે તમારે સુવિધા આપવી પડે તે સમજી શકાય તેવું છે. એવા બાળકો છે જેઓ શિક્ષણનો ખર્ચ ઉઠાવી શકતા નથી, તેથી રાજ્યએ તે પૂરું પાડવું જ જોઈએ. તે રાજ્યની ફરજ છે. એવા તેજસ્વી બાળકો છે જેઓ મેડિકલ કોલેજમાં જઈ શકતા નથી, રાજ્યએ તેમને મદદ કરવી જોઈએ. પરંતુ જે વ્યક્તિઓ સુખી-સંપન્ન છે, જેમની પાસે તમામ સાધનો ઉપલબ્ધ છે અને તેથી કોઈપણ પ્રકારની મફત ભેટ સૌથી પહેલા તેમના ખિસ્સામાં જાય છે. શું રાજ્યો માટે આ નીતિગત માળખાની સમીક્ષા કરવાનો આ યોગ્ય સમય નથી? રાજ્યની માલિકીની આ કંપનીએ 'ઈલેક્ટ્રિસિટી (એમેન્ડમેન્ટ) રૂલ્સ, ૨૦૨૪'ના નિયમ ૨૩ને પડકાર્યો છે, જે વીજ વિતરણ કંપનીઓ પર કડક નાણાકીય શિસ્ત લાદે છે. ડીએમકે (DMK) શાસિત તામિલનાડુમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે.

## શેરબજારમાં રોકાણકારોએ રૂ. ૭ લાખ કરોડ મૂલ્યની સંપત્તિ ગુમાવી

**મુંબઈ, તા. 19 (PTI):** અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા ભૌગોલિક રાજકીય તણાવને કારણે ગુરુવારે શેરબજારમાં ભારે કડાકો બોલાયો હતો, જેના પરિણામે રોકાણકારોની સંપત્તિમાં આશરે રૂ. 7 લાખ કરોડનું ધોવાણ થયું હતું. BSE સેન્સેક્સ 1,236 પોઈન્ટ અથવા 1.5 ટકા તૂટ્યો હતો. 30 શેરો ધરાવતો BSE સેન્સેક્સ 1,236.11 પોઈન્ટ અથવા 1.48 ટકા ઘટીને 82,498.14 પર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ઇન્ડેક્સ 1,470.05 પોઈન્ટ અથવા

...અનુસંધાન પાના 13 પર

## રૂ. 70,000 કરોડનું રેસ્ટોરન્ટ વેચાણ છુપાવવાનું કૌભાંડ જાહેર થયું

**દેશભરમાં** વપરાતા એક ખાસ બિલિંગ સોફ્ટવેર વડે ૨૦૧૯-૨૦થી રૂ. ૭૦૦૦૦ કરોડનું ટર્નઓવર છુપાવાયું

**આ રીતે** કરચોરી કરતા રેસ્ટોરાંઓની બાબતમાં ટોચના પાંચ રાજ્યોમાં ગુજરાતનો પણ સમાવેશ

**નવી દિલ્હી, તા. 19 :** ગયા નવેમ્બરમાં હૈદરાબાદની કેટલીક રેસ્ટોરન્ટ્સમાં કરવામાં આવેલા સામાન્ય દરોડાથી શરૂ થયેલી તપાસમાં હવે દેશવ્યાપી ટેક્સ ચોરીના

...અનુસંધાન પાના 13 પર

### ગુજરાત, કર્ણાટક, તેલંગાણા કરચોરીમાં ટોચે

અમદાવાદમાં સોફ્ટવેર પ્રોવાઈડરની સુવિધા પરથી દેશવ્યાપી છેતરપીંડીના રાજ્યવાર ડેટા મુજબ કર્ણાટકમાં સૌથી વધુ 2,000 કરોડના બિલ ડિલીશન નોંધાયા છે, ત્યારબાદ તેલંગાણા (1,500 કરોડ) અને તમિલનાડુ (1,200 કરોડ) આવે છે. સૌથી વધુ કરચોરી પકડાઈ હોય તેવા ટોચના પાંચ રાજ્યોમાં તમિલનાડુ, કર્ણાટક, તેલંગાણા, મહારાષ્ટ્ર અને ગુજરાતનો સમાવેશ થાય છે.

### કૌભાંડની મોડસ ઓપરેન્ડી (કઈ રીતે થતી હતી ચોરી?)

■ આવકવેરા વિભાગની તપાસમાં બહાર આવ્યું છે કે રેસ્ટોરન્ટ્સ 'પોસ્ટ-બિલિંગ ડિલીશન' પદ્ધતિનો ઉપયોગ કરતી હતી.

■ **ડિજિટલ ચેડાઃ** ગ્રાહકને બિલ આપ્યા પછી, સોફ્ટવેરના બેકએન્ડમાંથી તે એન્ટ્રી ભૂંસી નાખવામાં આવતી હતી.

■ **ડેટા ડિલીશનઃ** ખાસ કરીને રજાઓના દિવસો કે ભારે વેચાણના દિવસોના આખેઆખા રેકોર્ડ્સ ગાયબ કરી દેવાતા હતા.

■ **ગ્રીન ચેનલઃ** અમદાવાદમાં સોફ્ટવેર પ્રોવાઈડરના સર્વર પરથી જ બધો ડેટા મેનિપ્યુલેટ થતો હોવાનું જણાયું છે